સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૯૪૨૨૭૨૫૧

સલામી સવારની..

તૂટે છે દોરા ને એ મિટીંગ ભરી બેઠા છે!
લૂટે છે બેન્ક અને એ રેલી કરી બેઠા છે!
ભરી બેઠાં છે એ સભા ભાડુતી ભેગા કરી -
છૂટે છે ગોળી એ હાથ ઊંચા કરી બેઠા છે!

હાઈકુ

રઘવાટમાં -
દોડે સૌ દિશાહીન,
'આક્ષેપબાજી'
(વિકાસની તો કોઇ
વાત જ કરતું નથી)

શશી થરૂર,
તિવારી કે ઓબામા -
ને સરકોઝી..
(રાજકીય આશારામો)

ચિંતન

શાંતમાતુ વિવેકાત્મિતુરપિ કૃપણં મંગ્મુ કૃત્વા પૃથંગ્મા
-માશા યોષા સ્વતંગ્રા વ્રજતિ પરગૃહાન્સર્વદા વીતલજ્જા ।
સંન્ધત્તે મત્કૃશત્વં મમ યમનિયમૌ ભ્રાતરૌ ભત્કર્ષયન્તી
ધત્વા યૈતાત્મબંન્ધંસ્તદપિ પુનરહોહન્ત બંધ્યાશ્રયામ : ॥

'તૃષ્ણા-આશાની નિંદા' કરતું સુભાષિત રત્ન ભંડાગારના બીજા પ્રકરણનું આ રત્ન છે.

આ શ્લોકમાં સ્વચ્છંદી-વાંઝણી-પિતૃગૃહ તરફી સ્ત્રીનું ઉદાહરણ આપી 'તૃષ્ણા'- 'લાલસા' - અપેક્ષા-આશાની સરખામણી કરી છે -

'શાંતિ રૂપી માતા અને વિવેકરૂપી પિતા એ બંનેથી મને વિખૂટો પાડીને 'હઠીલી-સંકુચિત સ્વભાવની સ્ત્રી દરરોજ કંકાસ ઊભા કરી પતિને જેમ અલગ થઇ જવા ઉશ્કેરે છે તેમ - આશા, શાંતિ અને વિવેક રૂપી માતા-પિતાથી અલગ કરે છે.'

આવી આશા નામની સ્ત્રી પછી પોતાના ઇચ્છાપૂર્તિ માટે ગમે તેવાં - અંતિમ કોટિનાં પરાકાષ્ટાના પગલાં ભરવા તરફ દોરી જાય છે કારણ કે હવે સ્વતંત્ર છે વિવેક-મર્યાદાના બંધન તેને નડતાં નથી. યમ-અને નિયમ રૂપી બે ભાઇઓ (દિયર)નો તિરસ્કાર કરી, માત્ર પોતાના-પિતૃ પરિવાર ને જ પોષણ આપવાની દૃષ્ટિ-આશા માત્ર પોતાનો જ સ્વાર્થ જૂએ છે અન્યનો નહીં. આમ કરવાથી જેમ પતિ ચિંતા-નિરાશા-હતાશામાં સૂકાઇ જાય છે. આશાતુર-તૃષ્ણ સેવતા માનવીને આશા પૂર્તિ ચિંતામાં સૂકવી નાખે છે. આમ છતાં કોઇ આશા-અપેક્ષા પુરી થતી નથી. વાંઝણી જ રહે છે.

સુવિચાર

- ખોટા શોખ ઘણીવાર શોકમાં ફેરવાઇ જાય છે - *એસ. ભટ્ટાચાર્ય*
- તક તકદીરથી મળે છે, તકરારમાં ગુમાવશો નહીં - *કૃષ્ણ વાઘેલા*
- કોઇના પ્રભાવથી ન મળે એટલું આપણા સ્વભાવથી મળે જો એને સુધારીએ તો... - *મોરારિ બાપુ*
- સળગે છે તે ભડકો છે, ને પ્રગટે છે દીપ, મલકે તે મોતી છે, ને ચળકે છે તે છીપ - *વેણીભાઇ પુરોહિત*
- હૈયામાં ઘરબાયેલ દર્દ આંસુ થઇને બહાર આવ્યું ત્યારે ખબર પડી કે દર્દનું સરનામું ભલે હૃદય હોય તમ તેનો રસ્તો તો આંખમાંથી જ પસાર થાય છે - *મોહનવિજો પાઝ*
- લાગણીની એટલી લાગી તરસ, કે હવે આંસુ હશે મગરનાં તોય ચાલશે- *કરસનદાસ લુહાર*
- મને આશા, નિરાશાઓ, સદા ઝુલાવે છે, જીવન લાગે મરણ જેવું, મરણ લાગે જીવન જેવું - *જનકસ્વાણ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણે આપણું કર્તવ્ય ઘણીવાર નિષ્ઠાપૂર્વક-રસથી હૃદયથી બજાવીએ છીએ પણ એના પાછળનો હેતું કેટલીક ધન-સંપત્તિવાળા ઘર-માલિક-શેઠને ખૂશ કરવાનો હોય, કોઇ કર્મચારી પોતાના 'સીઆર' સુધારવા અધિકારીની આંખમાં પડું પડું થાય છે, કોઇ પ્રધાનશ્રી-સચિવશ્રીને ખુશ કરવા તુટી પડે છે. આ બધા આખરે તો 'માનવી' જ છે એ આપી-આપીને શું આપી શકે?

એક પહોંચેલ સૂફી સંત જેવા ફકીર ઓલિયા પાસે જઇ વજીરે પોતાની વેદના રજૂ કરતાં આંખે અશ્રુ સાથે કહ્યું, બાબા! હું વરસોથી મારા બાદશાહની દિનરાત-સતત ખિદમતમાં રહું છું. ઘણીવાર તો ખાધાપીધા વિના ઊંઘ-આરામની પરવા કર્યા વિના જ બાદશાહની સેવામાં રહું છું, મારા કામની, સેવાની ને ફરજની કદર કરી બાદશાહ મને 'પ્રધાન પદ' આપશે એવી આશા બંધાઇ છે, પરંતુ બાદશાહનો સ્વભાવ તરંગી છે ક્યારેક કોઇની નાની ભૂલ માટે પણ એ મોટી સજા કરી નાખે છે. મને એ વાતનો સતત ભય રહે છે. આપ મારો આ ભય દૂર કરી બાદશાહ હવે તુરંત પ્રસન્ન થાય એવો ઉપચાર બતાવો!

ફકીર બાબા-સ્મિત સાથે બોલ્યા - વજીરજી! તમે બાદશાહની સેવા તો નિષ્ઠાપૂર્વક કરો છો પણ એના પાછળ સ્વાર્થ-લાલચ છૂપાઇ છે આવા આર્થિક ભૌતિક સુખ-સુવિધા પામવાનો કોઇ અર્થ નથી. એના કરતાં તમે બાદશાહના બાદશાહ, પરવર દિગારની ખિદમત કરી હોત તો ખૂદા ક્યારનાય તમારા પર રહેમત વરસાવીને 'હિસ્સ્તા' બનાવી દેત.. કોઇ પણ સ્વાર્થ-લાલચ વિના, ઇશ્વરનું કામ સમજી કર્મયોગ કરવાથી ઇશ્વર પ્રસન્ન થાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

...પૂરા બે કપ ચા એ રીતે બરણીમાં સમાઇ ગઇ, બધા બાળકો ડઘાઇ ગયા હતા, આ બધું શું થાય છે કારણ આવી તો કલ્પના પણ કોઇએ નહોતી કરી, બધા બાળકો અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા

'એક ચાય કા પ્યાલા હો, કોઇ ઉસકો પીનેવાલા હો'

લક્ષ્મી એમ. વાઘવાણી (નિરંકારી)

એક શિક્ષક શાળામાં બાળકોને ભણાવી રહ્યા હતા. તેઓ સત્સંગી હતા, ભણતરની સાથોસાથ બાળકોને જીવનના ઘડતર તરફ પણ એટલું જ લક્ષ્ય આપતાં હતા, એક દિવસ તેમણે બાળકોને એકઠા કરીને એક સુંદર દૃષ્ટાંત રજૂ કર્યું.

શિક્ષકે કાચની એક મોટી બરણી મંગાવી જેમાંથી આરપાર જોઇ શકાય. એ બરણીમાં થોડાક દડાઓ નાખ્યા. દડાઓથી બરણી ભરાઇ ગઇ. શિક્ષકે બધાએ પૂછ્યું, 'આ બરણી આખી ભરાઇ ગઇ? બધાએ જવાબ આપ્યો, 'હવે તો આ બરણી આખી ભરાઇ ગઇ ને? બધાએ સંયુક્ત સૂર કાઢ્યો, 'હા સાહેબ, ભરાઇ ગઇ.' પણ સાહેબે બધાના આશ્ચર્યની વચ્ચે સાહેબે પોતાની પાસેના એક બીજા ડબ્બામાંથી રેતી કાઢી અને એક વિદ્યાર્થીને બોલાવ્યો તેમજ તેને એ ભરાયેલી બરણીમાં રેતી નાખવાનું કહ્યું, આ વખતે રેતી તો કાંકરા કરતાંય વધુ ઝડપની સરકીને બરણીમાં નીચે સુધી પોતાના જગ્યા કરવા લાગી અને બરણી રેતીથી પણ ભરાઇ ગઇ.

આમ, હવે આ બરણીમાં પ્રથમ દડાઓ ત્યારબાદ કાંકરાઓ અને છેલ્લે રેતી, એક પછી એક ત્રણેય વસ્તુ પડતાં બરણી સંપૂર્ણ ભરાઇ ગઇ. આ જોઇને કેટલાક બાળકો આશ્ચર્યચકિત હતા તો કેટલાક પોતાની નાદાની પર શરમાતા હતા. ફરી એકવાર સાહેબે પૂછ્યું, 'બાળકો, હવે બોલો, હવે શું કહેવું છે, હવે તો બરણી ભરાઇ ગઇ ને કે હજુ બરણીમાં કંઇ સમાય એમ છે? બધા ફરી એક સાથે બોલ્યા, 'હવે તો નહિ જ સમાય સાહેબ.' ત્યાં તો ફરી જાણે કોઇ જાદુ કરવાના હોય તેમ સાહેબે પટાવાળાને કહી બે કપ ચાં મંગાવી, બધાને એમ કે સાહેબ ચાના શોખીન છે એટલે પીવા માટે મંગાવી હશે. પટાવાળો થોડી જ વારમાં ચા લઇ આવ્યો. સાહેબે ચાનો જગ લઇ દડાઓ, કાંકરાઓ અને રેતીથી છલોછલ ભરાયેલી બરણીમાં ચા રેડવાનું શરૂ કર્યું, ધીમે ધીમે કરીને ચા બરણીમાં રેડાવા લાગી એટલું જ નહિ રેતી બધા ચા શોષવા લાગી. પૂરા બે કપ ચા એ રીતે બરણીમાં સમાઇ ગઇ. બધા બાળકો ડઘાઇ ગયા હતા. આ બધું શું થાય છે કારણ આવી તો કલ્પના પણ કોઇએ નહોતી કરી. બધા બાળકો અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા.'

શિક્ષકે બધાને શાંત પાડ્યા. અને કહ્યું આપનું જીવન પણ આવું જ છે. એક બરણી જેવું. ભગવાન અને દેવતાઓ, ગુરૂજીઓ વગેરે દડા જેવા છે, જ્યારે આપણી જિંદગીની જરૂરિયાતો જેવી કે ભણતર, આજીવિકા, રોજી રોટી, પરિવાર વગેરે કાંકરા જેવા છે. તે જ રીતે આપણી ફુટેવો એ રેતી જેવી છે. નિંદા, નફરત, ઇર્ષ્યા, વેરઝેર, મોહ, લોભ, અહંકાર આ બધું જ રેતીની જેમ આપણા જીવનમાં છલોછલ ભરાઇ જાય છે અને પોતાની જગ્યા આપણી જિંદગીમાં બનાવી દે છે. જો આપણે રેતીથી બરણી ભરી દીધી હોત તો દડા કે કાંકરાની જગ્યા ના બચત. આમ, દડાની જેમ પ્રભુને, ગુરૂજીને કે દેવી દેવતાને પ્રથમ સ્થાન/પ્રાધાન્ય આપવાનું છે, ત્યારબાદ જીવનની અન્ય જરૂરિયાતોને સ્થાન આપવાનું છે. શક્ય હોય તો રેતીની જગ્યા જ ના રહે તેવું વર્તન જીવનમાં રાખવું જેથી પાપકર્મોથી બચાય સત્કર્મોનો સરવાળો થતો જાય.

એક વિદ્યાર્થીએ તરત પૂછ્યું કે સાહેબ, ચા એટલે શું? સાહેબે કહ્યું, 'આ ચા તો એનું પ્રતિક કે તમારા સંબંધો એવા રાખો કે બધા તમારા મિત્રો બને અને તમારી સાથે ચા પીવા કે તમને ચા પાવા તૈયાર જ હોય. બધા ખડખડાટ હસી પડ્યા. સાહેબે પણ મજાકમાં કહ્યું, 'એક ચાયકા પ્યાલા હો કોઇ ઉસકો પીનેવાલા હો.'

નબળાઇને પંપાળવી, તે વિશે વિચારી વ્યથિત થવું તે એની દવા નથી પણ તાકાતને વિકસાવી આત્મબળ વધારવું તે જ એને જીતવાનો ઉપાય છે

વૃદ્ધત્વ : શરીરનું અને મનનું અક્ષયપાત્ર

બકુલ દવે

Years wrinkle the face, but to give up enthusiasm wrinkles the soul. (વર્ષો ચહેરા પર કરચલીઓ પાડે છે, પણ ઉત્સાહ વગરનું જીવન આત્મા પર સળ પાડે છે)

વર્ષો પસાર થતાં જાય છે. સમયનો કરોળિયો માણસના ચહેરા પર કરચલીઓનું જાળું ગૂંથતો રહે છે. એની સૌથી પહેલી જાણ અરીસા દ્વારા થતી હોય છે. અરીસો સત્યવાદી છે. દાઝમાં કોઇ એને ચૂગલીખોર પણ કહે. અરીસામાં જોતાંજોતાં વ્યક્તિને જાણ થતી રહે છે કે એ દિન-પ્રતિદિન વૃદ્ધ થતી જાય છે. 'અંગલ્ ગલિતમ્ પલિતમ્, મુંડમ્...' સુભાષિત વારંવાર સ્મરણમાં ડોકાતું રહે છે. પહેલી જ વાર કોઇ સુંદર યુવતીના મુખમાંથી 'અંકલ' સંબોધન સાંભળ્યા પછી લાગેલા આઘાતમાં વાસ્તવિકતાનો અસ્વીકારક ભળેલો હોય છે. 'તું-કારે' સંબોધન કરનારા મિત્રો-સ્વજનોની સંખ્યા ઓછી થતી જાય છે. તીવ્ર એકલતા ઘેરતી રહે છે.

ઉંમર વધવાની સાથે અનિવાર્યપણે અનેક પરિવર્તનોમાંથી પસાર થવું પડે છે. ઝડપથી થતાં પરિવર્તનો ધીરજ અને સમજદારી માગી લે છે. પરિવર્તનનો સ્વીકાર લવચિકતા (flexibility) વધારે છે, જેનાથી અનુકૂલન સહજ બની શકે છે. આત્મા ચીમળાતો નથી, તરોતાજા રહે છે. વીતેલાં વર્ષો બોજરૂપ જણાતાં નથી, પણ અનુભવનું ભાથું બની રહે છે.

શરીરથી વૃદ્ધ થવું એ પ્રકૃતિનો નિયમ છે, પણ મનથી વૃદ્ધ થવા પાછળ વ્યક્તિ સ્વયં જવાબદાર હોય છે. સતત રચનાત્મક પ્રવૃત્તિમાં લીન રહે છે, એનો ઉત્સાહ સદૈવ ટકી રહે છે. પ્રવૃત્તિ એનો આત્મા પ્રફુલ્લ રાખે છે. સમયના પ્રવાહ સાથે તરવામાં એને તકલીફ પડતી નથી, કે નથી એને અરીસા સામે ઊભીને ચહેરાનું નિરીક્ષણ કરવાનો સમય. જે લોકો હંમેશા શીખતા-શીખવતાં રહે છે તે શરીરથી ઘસાય છે, પણ એમના આત્મા પર અકર્મણ્યતાની ઝાંખપ લાગતી નથી.

રવીન્દ્રનાથ ટાગોરે એંસી વર્ષની ઉંમરે ચિત્રો દોરવાનું શરૂ કર્યું ને એમણે એ ક્ષેત્રમાં ગણનાપાત્ર પ્રદાન કર્યું. મોરારજીભાઇ દેસાઇ બ્યાસી વર્ષની ઉંમરે ભારતના વડાપ્રધાન થયા હતા.

કન્નડ ભાષામાં અનેક પુસ્તકો લખનાર, ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિકના વિજેતા ડો. શિવરામ કારંથે પંચાણું વર્ષની વયે નવી નવલકથા લખવાનો પ્રારંભ કર્યો હતો.

ભર્તૃહરિએ કહ્યું છે : કાલો ન યાતા, વયમેવ યાતા; એટલે કે સમય પસાર થતો નથી, પણ આપણે સમયમાંથી પસાર થઇ છીએ. જો આમ હોય તો આપણે સમયમાં કેવી રીતે પસાર થવું તે આપણા હાથની વાત છે.

વિવેકાનંદે કહ્યું છે : 'The remedy for weakness is not brooding over weakness, but thinking of strength.'

નબળાઇને પંપાળવી, તે વિશે વિચારી વ્યથિત થવું તે એની દવા નથી પણ તાકાતને વિકસાવી આત્મબળ વધારવું તે જ એને જીતવાનો ઉપાય છે.

આત્મા પણ કુહાડીનાં ફણા જેમ, સદુપયોગ થાય તેમ વધુ ચળકતો રહે છે. ક્યાંક વાંચ્યુ હતું : કંટાઇ જવા કરતાં ઘસાઇ જવું સારૂં, કર્મયોગીના આત્માને કદીયે કરચલી પડતી નથી એ સતત ધોવાતા કપડાની જેમ ઊજળો રહે છે. પછીના જન્મમાં પણ એ ઉજ્જવળતા અકબંધ રહે છે.

"હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તા એ કુટુંબના ભરણપોષણ માટે સંયુક્ત મિલકત હસ્તાંતર કરવા - હક્ક અધિકારી છે" ના. ગુજરાત હોઇકોર્ટ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

હિન્દુ અવિભક્ત કુટુંબના વહીવટકર્તા (એચ.યુ.એફ) કુટુંબના ભરણપોષણ માટે જરૂરી દેવા કરતાવી સત્તા ધરાવે છે. હિન્દુ કાયદા હેઠળ માત્ર ગેરકાયદેસરનું અથવા ગેરવ્યાજબી કૃત્ય જ કર્તાને દેવું કરતા અટકાવી શકે છે અને હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તાએ કરેલ દરેક કાયદેસરનું કૃત્ય અથવા જરૂરીયાતના કારણો માટે કરવું પડેલ કાર્ય બાકીના વારસદારોને બંધનકર્તા રહે છે અને મિલકતમાં પોતાનો હક્ક માંગી શકે નહિં.

સદર હું સિદ્ધાંત ના. ગુજરાત હાઇકોર્ટે સ્પે. સી.એ. નં. ૧૪૧/૧૦ ના કામે. તા. ૧/૮/૨૦૧૩ ના રોજ હુકમ કરી પ્રસ્થાપિત કરેલ છે.

હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તાની હેસિયતથી અરજદારના પિતાએ કુટુંબની સહમાલિકી વાળી મિલકત બેંકમાં ગીરો મુકેલ ત્યારબાદ બેંકનું ઋણ ના ચુકવાતા બેંક દ્વારા મિલકતની જપ્તી દ્વારા વસૂલાતની કામગીરી કરવામાં આવેલી આથી અરજદારે હિન્દુ લો મુજબ સહમાલિક તરીકે રહેઠાણના દાદ માંગતો દાવો દાખલ કરેલ તેમજ બેંક દ્વારા અરજદારના પિતાશ્રીને મિલકતનો "નોન પરફોર્મિંગ એક્ટ" જાહેર કરવા માટે તથા બેંક દ્વારા તમામ કાર્યવાહીને સ્ટે કરવા સેટેલાઇટ કરવા માટેની દાદ પણ માંગવામાં આવેલી તેમજ મનાઇ અરજીમાં બેંક દ્વારા સિક્યુરીટીટીરાઇઝેશન એક્ટ હેઠળ જે કાર્યવાહી શરૂ કરવામાં આવેલી હતી તે વિરૂદ્ધ પણ મનાઇ માંગવામાં આવેલ હતો તેમજ બેંક દ્વારા કરવામાં આવેલ કલમ-૧૩ તથા ૧૪ મુજબની કેટલીક કાર્યવાહી અને કૃત્યો સામે પણ પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા હતા.

પરંતુ. ના. નીચલી કોર્ટ દાવાના કામે રજૂ થયેલ મનાઇ અરજ નામંજૂર કરતા જણાવેલ કે ધી સિક્યુરીટાઇઝેશન એક્ટ ઓફ ફાઇનાન્સિયલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્રસી એન્ડ એનફોર્મેમેન્ટ ઓફ સીક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ-૩૪ મુજબ દાવાને સાંભળવા માટે બાધારૂપ છે. હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તાની દિકરીને નીચલી અદાલતો દ્વારા સામાવાળા બેંક દ્વારા પોતાની બાકી નીકળતી રકમ વસૂલ લેવા માટે અરજદારોની સલમાલિકીની હિન્દુ અવિભક્ત કુટુંબની મિલકતોનાં વેચાણ સામે મનાઇ ના આપવાના હુકમથી નારાજ થઇ ના. ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સી.એ દાખલ કરેલ.

હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તાએ કુટુંબના વહીવટ સંચાલન અને ભરણપોષણ માટે જરૂરી ઋણ માથે લઇ શકવા માટે અધિકૃત છે. જ્યારે કર્તાએ ધંધાને સંબંધે ઋણ લીધું હોય તો તે તેની સત્તાની રૂએજ કરેલ હશે. એ કોઇ વિવાદ નથી હિન્દુ લો મુજબ માત્ર ગેરકાયદેસર કે ગેરવ્યાજબી કૃત્ય માટે લેવામાં આવેલ ઋણ માટે કર્તાને અટકાવવામાં આવેલ છે અને દરેક કાયદેસર કૃત્ય અને દરેક કૃત્ય કે જે જરૂરી હોય તે તમામ કૃત્ય સહમાલિકીને બંધનકર્તા છે અને સહમાલીકોને કર્તાની સત્તા વિરૂદ્ધ મિલકત બાબતે દાવો કરવા કોઇ જ હક્ક અધિકાર નથી. જ્યારે કર્તા દ્વારા ધંધાના સંચાલન માટે ઋણ લેવામાં આવેલ હોય ત્યારે એવું કહી શકાય નહીં કે ઋણ ગેરકાયદેસરનું છે.

વધુમાં ના. કોર્ટે જણાવેલ કે મિતાક્ષરી કુટુંબના વડીલોપાર્જિત મિલકતમાં સહમાલિકોને હક્ક જન્મથી જ ચાલી આવે છે. માટે આવા દત્તક એ ભાગીદારી પેઢીના ભાગીદાર જેવો સમાન અધિકાર નથી કર્તા એ એક સ્વાપતિ સત્તા છે અને માટે જો તેના કાયદેસરના અને જરૂરી વ્યાજબી કૃત્યને સહમાલિકો વિહોણા થતા હોય તો એવું કહી શકાય કે કર્તાએ કરેલા કૃત્યો ગેરકાયદેસરના હતા. તે મિલકત ગીરવે મુકે છે માટે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી સાથે જ રીસ્પોન્ડન્ટને સિક્યુરીટાઇઝેશન એક્ટ હેઠળ ઋણ વસૂલ મેળવવાની કાર્યવાહી કરવાનો હક્ક અધિકાર છે. માટે એવા અનુમાન આધીન કે દાવા અરજીનું મૂળ એ હિન્દુ લો મુજબનું છે માટે એવું કહી શકાય નહીં કે વીરીશનરનો સિક્યુરાઇજેશન એક્ટ હેઠળ કરવામાં આવેલી કાયદેસરની કાર્યવાહી સામે મનાઇ મેળવવો પ્રથમ દર્શનીય કેસ નથી.

ના. ગુજરાત હાઇકોર્ટે અરજદારની અરજી ગુણદોષ સિવાયની હોય રદ કરતો હુકમ કરી જણાવેલ કે અરદારે દાવા અરજની દાદમાં પોતે હિન્દુ લો હેઠલનાં હક્કોની માંગણી કરેલ છે જ્યારે દાવામાં વસુલાતની ક્રિયા વિરૂદ્ધ તેના પિતાને મદદ માટેની દાદ માંગવામાં આવેલ છે તથા સિક્યુરીટાઇઝેશન એક્ટની જોગવાઇઓને સંબંધિત દાદ માંગેલ છે. માટે તેવા સંજોગમાં અરજ માન્ય રાખી શકાય નહી તેમાં પણ ખાસ કરીને બેંકે કે જેણે હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તા પાસેથી મોટી રકમની વસુલાત કરવાની હોય.

મિતાક્ષરી કુટુંબના વડીલોપાર્જિત મિલકતમાં સહમાલિકોએ જન્મથી હક્ક ચાલી આવેલ છે કર્તાએ એક સ્વાપતિ સત્તા છે અને માટે જો કર્તાએ કરેલા કૃત્યો કુટુંબના વહીવટ સંચાલન અને ભરણપોષણ માટે જરૂરી ઋણ માથે લઇ શકવા માટે અધિકૃત છે અને દરેક કાયદેસર કૃત્ય તથા દરેક કૃત્ય કે જે જરૂરી હોય છે તે તમામ કૃત્યો સહમાલિકોને બંધનકર્તા છે અને સહમાલિકોને કર્તાની સત્તા વિરૂદ્ધ મિલકતની બાબતે દાવો કરવાનો કોઇ સ્પષ્ટ અધિકાર મળતો નથી.

તા.ક. : ચાંલ્લો ડોલર, યુરો તથા અન્ય ગમે તે દેશના ચલણમાં ડિસ્કાઉન્ટથી પણ સ્વીકારવામાં આવશે

મહાશય,

સેબી માતાની અસીમ કૃપા અને એફ.આઇ.આઇના આશીર્વાદથી

આર્થિક આંકડા ધાર્યા કરતા સારા આવતા, રૂપિયો મજબૂત બનતા, શેરબજારમાં ઝડપી બદલાતો તેજી-મંદીનો કલર ફરી ઘેરી તેજીનો બનતાં, આર.બી.આઇ.એ વ્યાજ દરોમાં અપેક્ષિત કોઇ વધારો નહીં કરીને સુખદ આશ્ચર્ય સર્જતા અને યુ.એસ. ફેડરલ દ્વારા ફરી સ્ટીમ્યુલસની આવશ્યકતા વધશે એવા અંદાજોએ ભીંસમાં આવી ગયેલાં ખેલંદા - ફંડોના પોઝીટીવ પ્રતિસાદને ધ્યાને લેતાં, સારી ગાઇડલાઇન્સ, મજબૂત ફંડામેન્ટલ્સ અને પર્ફોર્મન્સ ધ્યાને લઇને ધ્યાન તેજી તરફી અને ઉત્તમ જણાતાં...

ચિ. નિફ્ટી જુનિયર
(એન.એસ.ઇ. અને નિફ્ટી ફ્યુચરની સુપુત્રી)
નું મર્જર
ચિ.સેકટરલ ઇન્ડેક્ષ
(સેન્સેક્સ અને બી.એસ.ઇ.ના સુપુત્ર) સાથે

સંસ્થાકીય લેવાલી અને છેતરામણ ઉછાળામાં તેજીનું ફરી ચણતર તથા રોકાણલક્ષી સંભાવના અને ખેલંદાઓના શોર્ટ કવરીંગ, ટાર્ગેટ ભાવની શક્યતા તથા પોઝીટીવ માર્કેટ બ્રેડ્થ, બેન્ચમાર્ક ભાવાંક અને હોલસેલ પ્રાઇઝ ઇન્ડેક્સના ઉછાળા વચ્ચે બંને કુટુંબોના બેઇલ આઉટ પૂર્ણ થતાં તથા સામે પક્ષે સંભવિત જવાબદારીઓ વધશે અને મેનેજમેન્ટમાં ફેરફાર થશે તેવી અપેક્ષા તથા બંને કુટુંબોનું ભાવિ હોલ્ડીંગ ઘટશે તે લક્ષમાં લઇ પોઝીશન ઊભી રાખી, ઓળીયા સુલ્ટાવી, તબક્કાવાર નફો બુક કરવા અને લેણ ખંખેરવાના ઇરાદાથી, જીડીપ ગ્રોથનો ભાવિ અંદાજ નજરઅંદાજ કરીને હેવી વેઇટ્સમાં પ્રોફિટ બુકીંગની ધારણાએ સેન્ટીમેન્ટ ખરડાય તે પહેલાં બિગબુલ, બુકીઓ, પંટરો, સટ્ટોડિયાઓ, ઓપરેટરો તથા ખેલંદાઓની ઉપસ્થિતિમાં રિઝર્વ બેંકના સંભવિત પગલાંને ડિસ્કાઉન્ટ કરીને સાવચેતીએ હળવા થવાનું માનવ રાખીએ અપર સરકીટ અને લોઅર સરકીટની મર્યાદામાં નિર્ધારિલ છે.

શેરબજારની કંકોતરી

- બિપિન ત્રિવેદી

આપની સ્ટીમ્યુઅસ પેકેજની ઓફર સાથે વધઘટ સંકડાય તે પહેલાં સંસ્થાકીય અને રીટેલ રોકાણકારો સાથે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

આપના દર્શનાભિલાષી,

એન. એસ.ઇ — *નિફ્ટી ફ્યુચર*
બેંક — *બ્રોકરેજ હાઉસ*

તા.ક. : ચાંલ્લો ડોલર, યુરો તથા અન્ય ગમે તે દેશના ચલણમાં ડિસ્કાઉન્ટથી પણ સ્વીકારવામાં આવશે.

મંડપ મુહુર્ત : સેશનની શરૂઆતમાં

તારીખ : વલણનો અંતિમ દિવસ

શુભ સ્થળ : દલીલ સ્ટ્રીટ

બીડ ભરવા તથા હસ્તગત કરવાનો સમય : સેટેલાઇટ લીંકની ઉપલબ્ધિને આધીન

ડ્રેડીંગ : આપની સ્વરૂચિ અનુસાર — *દાંડીયા રાસ : ટોપ ગેઇનર્સ અને ટોપ લૂઝર્સની સંગાથે*

... અમાલા... નિફ્ટી દીદીના મર્જર પ્રસંગે... જલુલથી આવજો હોં... આવશો ને!

ડેરીવેટીઝ — *સાયલન્ટ મહારથી* — *વ્હાઇટ દિગ્ગજ*

સ્પોન્સરર :

યુ.એસ.ફેડરલ રિઝર્વ

જાપાનનો નિક્કી — *હોંગકોંગનો હેંગસેંગ*
ચીનનો સાંઘાઇ કોમ્પોઝીટ — *સિંગાપોર સ્ટેંઇટ ટાઇમ્સ*
તાઇવાન વેઇટેજ — *લંડનનો ફુત્સી*
ફ્રાંસનો કેક — *બાલ્ટી ડ્રાય ઇન્ડેક્ષ*

તા.ક. તમામ ચેનલો પર લાઇવ ટેલીકાસ્ટની વ્યવસ્થા કરવામાં આવે છે.